# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

1) પશ્ચિમ બંગાળમાં, વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે પ્રચાર વેગવંતો બન્યો.

2) ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને કેન્સરથી બચેલા લોકોને સાચા યોદ્ધા ગણાવ્યા.

3) રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં 7 જગ્યાઓ પર EDના દરોડા.

4) દિલ્હી, છત્તીસગઢ, પંજાબ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, અને રાજસ્થાનમાં આજે ગરમીનું યલો એલર્ટ.

5) IPL ક્રિકેટમાં આજે દિલ્હી કેપિટલ્સ અને પંજાબ કિંગ્સ તથા રાજસ્થાન રોયલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# WB-CAMPAIGN SCHEDULE

પશ્ચિમ બંગાળમાં, વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે પ્રચાર વેગવંતો બન્યો છે, મતદાન પહેલાના અંતિમ દિવસોમાં વિવિધ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ શ્રેણીબદ્ધ રેલીઓ અને રોડ શો કરી રહ્યા છે. બીજા તબક્કાનું મતદાન 29 એપ્રિલે થશે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પૂર્વ બર્ધમાનના જમાલપુરમાં સેલીમાબાદ તરુણ સંઘ મેદાન અને હાવડાના શ્યામપુર ખાતે જાહેર સભાઓને સંબોધિત કરશે. તેઓ હાવડામાં રોડ શોમાં પણ ભાગ લેશે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ ચૂંટણી રેલી કરશે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે. પી. નડ્ડા પૂર્વ બર્ધમાનના બાજે પ્રતાપુર ખાતે વિજય સંકલ્પ યાત્રાનું નેતૃત્વ કરશે.

બીજી તરફ, કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી આજે હુગલીના શ્રીરામપુર, કોલકાતાના શહીદ મિનાર અને મેટિયાબ્રુઝમાં રેલીઓ કરશે. તૃણમૂલ કોંગ્રેસના નેતા અભિષેક બેનર્જી બશીરહાટ અને કેનિંગ વેસ્ટમાં રેલીઓને સંબોધિત કરશે, ત્યારબાદ પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં બાલીમાં રોડ શો કરશે.

# ECI-SCRUTINY 17A

ભારતના ચૂંટણી પંચે જણાવ્યું કે પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં ફોર્મ 17A (મતદાર નોંધણી)ની ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે. ચૂંટણી પંચે મતદાન પછીની ચકાસણી અને મતદાનના અન્ય દિવસના રેકોર્ડ માટે સંકલિત સૂચનાઓ જારી કરી છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળના તમામ 152 વિધાનસભા મતવિસ્તારોમાં ગઈકાલે દસ્તાવેજોની ચકાસણી સરળતાથી હાથ ધરવામાં આવી હતી જ્યાં પ્રથમ તબક્કામાં મતદાન થયું હતું.

ચૂંટણી પંચે વધુમાં જણાવ્યું હતું કે તમિલનાડુમાં પણ આવી જ કવાયત હાથ ધરવામાં આવી હતી, જ્યાં જનરલ ઓબ્ઝર્વરો અને એક હજાર 825 ઉમેદવારો અથવા તેમના પ્રતિનિધિઓની હાજરીમાં તમામ 234 વિધાનસભા મતવિસ્તારોમાં ચકાસણી પૂર્ણ કરવામાં આવી હતી.

# VP RAJASTHAN

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને કેન્સરથી બચેલા લોકોને સાચા યોદ્ધા ગણાવ્યા. આજે રાજસ્થાનના જયપુરમાં ભગવાન મહાવીર કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર દ્વારા આયોજિત 23મા કેન્સર સર્વાઈવર્સ દિવસ નિમિત્તે યોજાયેલા સમારોહને સંબોધિત કરતા જણાવ્યું, આ દિવસ માનવતાની અસાધારણ ભાવનાની ઉજવણી છે," તેમણે લોકોને કેન્સર યોદ્ધાની યાત્રામાંથી પ્રેરણા લેવા અપીલ  કરી.

ભારતમાં કેન્સરના વધતા પ્રભાવ પર પ્રકાશ પાડતા, તેમણે ભાર મૂક્યો કે વહેલાસર શોધ અને જાગૃતિ જીવન બચાવવા માટે ચાવીરૂપ છે. તેમણે સામૂહિક કાર્યવાહી માટે હાકલ કરી. શ્રી રાધાકૃષ્ણન આજે રાજસ્થાન યુનિવર્સિટીના 65મા પદવીદાન સમારોહને પણ સંબોધિત કરશે.

# AKASHVANI TUNE & JINGLE CONTEST

આકાશવાણીની 90મી વર્ષગાંઠ નિમિત્તે, એક નવી સિગ્નેચર ટ્યુન બનાવવા માટે સ્પર્ધા શરૂ કરવામાં આવી છે.

આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય આકાશવાણીના ચોક્કસ કાર્યક્રમો માટે સંગીતમય ધૂન બનાવવાનો છે.

સાંભળીએ એક અહેવાલ....

(V/C – SARFAROZI)

# ED SEARCHES- NCR

પ્રવર્તન નિદેશાલય-ED સમગ્ર રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં રાહેજા ડેવલપર્સ, તેના ડિરેક્ટરો અને સહયોગી સંસ્થાઓ સાથે સંબંધિત 7 જગ્યાઓ પર દરોડા પાડી રહ્યું છે. EDના સૂત્રોએ જણાવ્યું હતું કે રહેજા રેવંતા પ્રોજેક્ટમાં ઘર ખરીદનારાઓ સાથે છેતરપિંડી અને ફ્લેટની ડિલિવરી ન કરવાના મામલે આ દરોડા પાડવામાં આવી રહ્યા છે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

ડેસ્ક

# KERALAM - GURU MUNI NARAYANA

કેરલમના પ્રખ્યાત આધ્યાત્મિક નેતા અને નારાયણ ગુરુકુલમના વડા, ગુરુ મુનિ નારાયણ પ્રસાદનું આજે સવારે તિરુવનંતપુરમમાં અવસાન થયું. તેઓ 87 વર્ષના હતા. તેઓ 1968માં શ્રી નારાયણ ગુરુના દ્રષ્ટિકોણને સમર્પિત આધ્યાત્મિક સમુદાય, નારાયણ ગુરુકુલમમાં જોડાયા અને 1999માં તેના વડા બન્યા. એક પ્રખ્યાત લેખક અને દાર્શનિક, મુનિ નારાયણ પ્રસાદે ભારતીય ફિલસૂફી પર 100 થી વધુ પુસ્તકો લખ્યા. તેમને પદ્મશ્રી અને કેરળ સાહિત્ય અકાદમી પુરસ્કાર સહિત અનેક પ્રતિષ્ઠિત સન્માનો પ્રાપ્ત થયા હતાં.

# US-IRAN-PAK

અમેરિકાના વાટાઘાટકારો આજે પાકિસ્તાન જવા રવાના થવાના છે, પરંતુ ઈરાને કહ્યું કે તેના અધિકારીઓએ હજારો લોકોના મોત અને વૈશ્વિક બજારોને બરબાદ કરનાર યુદ્ધને સમાપ્ત કરવા અંગે ચર્ચા કરવા માટે અમેરિકનોને મળવાની કોઈ યોજના બનાવી નથી. વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું કે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને જમાઈ જેરેડ કુશનર ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સાથે વાટાઘાટો માટે રવાના થવાના છે. પત્રકારો સાથે વાત કરતા, વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે આ ઘટનાક્રમની પુષ્ટિ કરતા કહ્યું કે સીધી વાટાઘાટો સીધી કરવામાં આવશે.

દરમિયાન, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી ઈસ્લામાબાદમાં પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ અસીમ મુનીરને મળી રહ્યા છે. અરાઘચી ગઈકાલે મોડી રાત્રે એક વરિષ્ઠ પ્રતિનિધિમંડળ સાથે પાકિસ્તાન પહોંચ્યા હતા, જે પશ્ચિમ એશિયામાં યુદ્ધનો અંત લાવવા માટે તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે અટકેલી વાટાઘાટોને પુનર્જીવિત કરવા માટે નવેસરથી રાજદ્વારી પ્રયાસોનો સંકેત આપે છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે દિલ્હી, છત્તીસગઢ, હરિયાણા, ચંદીગઢ, મધ્યપ્રદેશ, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને વિદર્ભના કેટલાક ભાગોમાં ગરમીની લહેરની સ્થિતિ માટે યલો એલર્ટ જારી કર્યું છે. હવામાન વિભાગે આજે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારે વરસાદની પણ આગાહી કરી છે. ઉત્તર આંતરિક કર્ણાટકમાં આવતીકાલ સુધી વાવાઝોડા અને કરા પડવાની શક્યતા છે.

# ANDHRA CM-BUSINESS AWARD

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુને આજે મુંબઈમાં એક અગ્રણી મીડિયા સંસ્થા દ્વારા પ્રતિષ્ઠિત બિઝનેસ રિફોર્મર ઓફ ધ યર 2025 એવોર્ડ એનાયત કરાશે. રાજ્યમાં 'સ્પીડ ઓફ ડુઇંગ બિઝનેસ' અને 'સ્પીડ ઓફ ડિલિવરિંગ ગવર્નન્સ' જેવી પરિવર્તનકારી પહેલોને અમલમાં મૂકવા બદલ તેમને આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. રોકાણ-મૈત્રીપૂર્ણ માળખું બનાવવા, પ્રગતિશીલ ઔદ્યોગિક નીતિઓ રજૂ કરવા અને રોકાણકારોનો વિશ્વાસ વધારવામાં તેમના પ્રયાસો માટે તેમને માન્યતા આપવામાં આવી છે.

# IPL

IPL ક્રિકેટમાં આજે બે મેચ રમાશે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે બપોરે 3:30 વાગ્યે મેચ રમાશે. અન્ય એક મેચમાં રાજસ્થાન રોયલ્સનો મુકાબલો જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે સનરાઇઝર્સ હૈદરાબાદ સામે થશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

દરમિયાન, ગઈકાલે રાત્રે રમાયેલી મેચમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સને પાંચ વિકેટથી હરાવ્યું હતું.

# WORLD VETERINARY DAY

આજે વિશ્વ પશુચિકિત્સા દિવસ છે. જેનો હેતુ પ્રાણીઓ અને પક્ષીઓની સંભાળના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે. આ વર્ષની થીમ "પશુચિકિત્સા: ખોરાક અને આરોગ્યના રક્ષકો" છે.

આ પ્રસંગે ત્રિપુરાના અગરતલાના સ્વામી વિવેકાનંદ ગ્રાઉન્ડ ખાતે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પશુચિકિત્સા સંગઠનના સભ્યોએ પણ રેલીમાં ભાગ લીધો હતો.